ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/કવા–૦૩/૧૮–૧૯/ 2447-29 તા. 30-3-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઠાકરશીભાઈ લાલાભાઈ,
મુ.પો. મોઢુકા, વાયા – વિછીયા
તા.જસદણ
જી.રાજકોટ
પીન–૩૬૦૦૫૫

વિષય :–માફી યોજના બાબત
સંદર્ભઃ– આપની અરજી , તા. ૩૧–૧૦–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪૯/કવા–૦૩/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે. ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામાઃ ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વિંછીયા

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/ક્વા–૦૩/૧૮–૧૯/** 2452-29 **તા.** 30-3-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૯/ક્વા–૦૩/૧૮–૧૯

| | |
|---|---|
| અરજદાર: | ઠાકરશીભાઈ લાલાભાઈ ગામ: મોઢુકા |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ |
| રજૂઆત કરનાર: | શ્રી પી.જે.મહેતા કાર્યપાલક ઈજનેર |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ |
| તારીખ: | ૩૦/૦૩/૨૦૧૯ |

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૮–૧૨–૧૮ અને તા.૧૯–૦૧–૧૯ ના રોજ રખાયેલ હતી, પરંતુ અરજદાર ગેરહાજર રહેલ હોય – સદર કેઈસ ની સુનાવણી તા.૩૦–૦૩–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ઠાકરશીભાઈ લાધાભાઈ, વિછીયા તાલુકાના ગામ:મોઢુકા ના રહેવાસી હોય – તેઓની અરજી ના નોંધણી નંબર :૪૯/ક્વા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, અરજદાર દ્વારા તા.૩૧–૧૦–૧૮ અને તા.૧૨–૧૧–૧૮ કરેલ રજુઆત ના અનુસંધાને – અરજદારે પીજીવીસીએલ મા કુલ ૧૮,૦૦૦/– ની રકમ હપ્તેથી ભરપાઈ કરેલ હોય – તો બાકી ની ૫૦% ની રકમ માં ગુજરાત રાજ્ય સરકાર ની માફી યોજના નો લાભ આપવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે,** પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી જસદણ વિભાગીય કચેરી તાબાની વિંછીયા પેટા વિભાગીય કચેરી ના અરજદાર શ્રી ઠાકરશીભાઈ લાલાભાઈ મકવાણા, રહેવાસી મુ.પો, મોઢુકા, વિંછીયા જી. રાજકોટ, સદર અરજદાર શ્રી એ માફી યોજના-૨૦૧૭ નો લાભ મેળવવા અંગે CGRF માં તારીખ ૩૧/૧૦/૨૦૧૮ ના રોજ રજૂઆત કરેલ છે.

a. ઉપરોક્ત બાબતે અરજદાર શ્રી ઠાકરશીભાઈ લાલાભાઈ મકવાણા, ગામ મોઢુકા માં તારીખ ૧૧/૦૩/૨૦૧૬ ના રોજ ચેકિંગ ડ્રાઈવ દરમ્યાન બિન ગ્રાહક તરીકે પાવરચોરી ના અનુસંધાને અરજદાર

ને રૂ. ૨૯,૯૦૨.૮૯ /- નુ વીજ ચોરી નુ બીલ આપવામાં આવેલ હતું. સદર પાવર ચોરી નુ બીલ ભરપાઈ ન થતા પી.જી.વી.સી.એલ દ્વારા મૂળ રકમ અને વ્યાજ સહિત તારીખ ૧૫/03/૨૦૧૭ ના રોજ દાવો દાખલ કરવા માં આવેલ જેનો દાવા નંબર ૪૦૨/૧૭ છે. અને આ દાવા નુ જજમેન્ટ તારીખ 30/0૫/૨૦૧૭ ના રોજ કંપનીના ફેવર માં આવી ગયેલ છે, જેની નકલ રજુ કરેલ છે.

b. સદર અરજદાર દ્વારા બાકી લેણા ની રકમ સમયસર ભરપાઈ ન થતા દાવા નુ જજમેન્ટ મુજબ તારીખ ૧૬/0૮/૨૦૧૮ ના રોજ દરખાસ્ત દાખલ કરવા મા આવેલ છે. જેનો દરખાસ્ત નંબર ૬૬૯/૧૮ છે, જેની નકલ રજુ કરેલ છે.

c. માફી યોજના-૨૦૧૭ ના પરિપત્ર મુજબ દાવા નુ જજમેન્ટ કંપનીના ફેવર માં આવી ગયેલ હોય તેને માફી યોજના-૨૦૧૭ નો લાભ મળવા પાત્ર નથી.

૩.૧ આમ, અરજદાર નુ બિન ગ્રાહક તરીકે દાવા નુ જજમેન્ટ કંપનીના ફેવર માં આવી ગયેલ હોય અરજદાર ને માફી યોજના-૨૦૧૭ નો લાભ મળવા પાત્ર નથી. માટે અરજદારની માફી યોજના નો લાભ લેવા માટે ની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહિ.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતેની રજુઆત અન્વયે પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ મુદદા નં. ૩.૦, અને ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર શ્રી ઠાકરશીભાઈ લાલાભાઈ મકવાણા ના વીજચોરી અન્વયે અપાયેલ બીલ – સમયગાળા મા ભરપાઈ થયેલ ન હોવાથી દાવો દાખલ કરાયેલ – જેનુ જજમેન્ટ પીજીવીસીએલ પક્ષકાર ની ફેવરમાં આવેલ હોવાથી – જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ એકા./સીએફએમ/ એમનેસ્ટીસ્કીમ–૨૦૧૭ /૧૩૩ તા.૦૩–૦૫–૧૮ ના મુદદા નં. (૭) મા જણાવ્યા મુજબ " In terms of the scheme cases which are already settled either in the court / Lok Adalalt / Mutual Settlement / Schemes in the past will not be eligible to be re open under the scheme….." દર્શાવેલ છે, આમ– ભુતકાળ મા આખરી થઈ ગયેલ કોઈપણ કેઈસ ની એમનેસ્ટી –૨૦૧૭ યોજના હેઠળ થઈ શકશે નહી. જે બાબતે પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ના પત્ર નં. –૧૩૮૧૬ તા.૧૩–૧૨–૧૮ થી અરજદાર ને વિગતવાર જાણકારી અપાયેલ છે.

૪.૨ ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ કાર્યવાહી નિયમાધીન હોય – અરજદાર ની સદર અરજી ગ્રાહય રાખવામા આવતી નથી.

૪.3 અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે. બી. પારેખ) |
| સ્વતંત્ર સભ્ય | ટેકનીકલ સભ્ય | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

49-Q3-18-19